# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

જીવનનાં વ્યકરણ સમજવા છે
વ્યાકરણનું સમીકરણ જોવું છે
જીવનનું ઘુટ રહસ્ય સમજવું છે
ઘુટ રહસ્ય મનડામાંઉતારવું છે
જીવનનું સત્ય મનથી ખોળવું છે
જીવનનું સત્ય સદૈવ સંગ્રહવું છે
જીવનમાં પ્રેમ સદાય વહેંચવો છે
ને સૌથી સદાય પ્રેમને પામવો છે
જીવન જે સદૈવ કરુણાની મુર્તિ છે
જીવનું આ વ્યાકરણ પચાવવું છે

- "મેહુલ"સુભાષ ઉપાધ્યાય

## પાથેય


- રમેશ ઠક્કર

### ભરપુર પ્રેમ કરો અને વિપુલ પામો..!

પ્રેમ એ પામવાની વસ્તુ છે..એમાં આયોજન કે ગણતરી કામ લાગતાં નથી.જે મળે એમાં સહજ અનુકૂલન સાધવાની વાત મહત્વની બની રહે છે..એમાં લેવા કરતાં આપવાની વાત અસરકારક નિવડતી હોય છે.પ્રખ્યાત બોલિવૂડ એક્ટર સઈદ જાફરીની અંગત ડાયરીમાં લખાયેલી આ વાત મનન કરવા જેવી છે. "હું જયારે ૧૯ વરસનો હતો અને મેહરુન્ના ૧૭ વરસની હતી અને અમારા લગ્ન થયા . હું બ્રીટીશ કલ્ચર થી પ્રભાવિત હતો કડકડાટ અંગ્રેજી ભાષા બોલવી અને શુટબુટમાં ફરવુ મારી આદત બની ગઈ હતી. પરંતુ મારી પત્ની મેહરુન્ના જે પોતે પણ આ બધા કલ્ચરને જાણતી હોવા છતા તદ્દન વિરુધ્ધ દિશામાં પોતાને ઢાળી દીધી હતી . એકદમ ઘરકૂકડી , એક ટીપીકલ હાઉસવાઈફ હંમેશા મારી અને મારા બાળકોની નાનામાં નાની જરુરિયાતનું ધ્યાન રાખવુ અમારી ઈચ્છા અને આકાંક્ષોઓને પોતાની બનાવી પુરી કરવા સતત પ્રયત્નશીલ રહેવું. પરંતુ , હું આ બધુ મારી પત્નીમાં જોવા નહતો માંગતો પોતાના સ્વભાવ અને વિચારોમાં એણે જે ફેરફાર કર્યા તેને લીધે ઉછળતી કુદતી મસ્તીખોરમાંથી તે ધીર ગંભીર અને ઉદાસ રહેવા લાગી . આમ આ બધુ ન ગમતું પરંતુ મારી જરુરિયાત અને સગવડતા મળવાને લીધે મને ગમતુ પણ આવી પત્ની ન ગમતી તેથી થોડા સમયમાં હુ મારી સહ અભિનેત્રીથી આકર્ષાયો અને મારે જે પત્નીમાં જોઈતુ હતુ તે બધુ મને તેનામાં દેખાયુ, મેં મારી પત્ની ને છુટાછેડા આપવાનું નકકી કર્યુ અને મારી સહઅભિનેત્રી સાથે લગ્ન કરવાનુ નકકી કર્યુ . મેહરુન્ના અને મારા બાળકોની આર્થિક સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખી મેં છુટાછેડા લીધા .

મારા નવા લગ્નજીવનના છ સાત મહિના તો ખુબ જ સરસ ગયા પરંતુ ધીરેધીરે મારી નવી પત્ની મને લેસકેરીંગ અને લાગણીવિહીન લાગવા માડી , તેને પોતાની બ્યુટી, મહત્વકાંક્ષાઓ અને ઈચ્છાઓ હતી . મને મારુ લગ્નજીવન ખટકવા લાગ્યુ , હું શુટીંગમાં વધુ વ્યસ્ત રહેવા લાગ્યો ત્યારે હું વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હતો ત્યાં મને એક લેખ વાંચવા મળ્યો જે રસોઈસંબંધી હતો જે ખુબજ ઈનોવેટીવ અને આકર્ષક હતો તેથી મને તે લેખ પસંદ આવતા તેના લેખક નુ નામ વાંચ્યું - મધુર જાફરી . પ્રોફાઈલ ચેક કરી અને હુ આઘાત થી અચંબિત થઈ ગયો એ લેખક બીજુ કોઈ નહી મેહરુન્ના હતી અને તે એકદમ તરવરાટથી અને ભવ્યતાથી ભરપુર લાગતી હતી. આ એજ સ્ત્રી હતી જે ઘરકૂકડી હતી પરંતુ તેણે પોતાનું નામ સુધ્ધાં બદલી નાખ્યુ હતુ . મારી માટે આ એક સુખદ આંચકો હતો . મે તપાસ કરી તો મેહરુન્નાએ પોતાની રેસીપીની ઘણી બુકસ બ્હાર પાડી હતી અને યુએસમાં રહેતી હતી . મેં પહેલી ફલાઈટ પકડી યુએસ પહોંચ્યો જયાં મેં મેહરુન્નાને મળવાનો પ્રયત્ન કર્યો તેણે સ્પષ્ટ શબ્દોમાં ઈન્કાર કરી દીધો . મેં મારા બાળકોને મળવા માટે વિનંતી કરી તો મારા બાળકોએ પણ ના પાડી દીધી . મેં મેહરુન્નાના નવા પતિનો એપ્રોચ કર્યો જે મેહરુન્નાના પક્ષે હતો અને મને એ પણ ખબર હતી આ એજ વ્યક્તિ છે જે મારા બાળકોનો કાયદાકીય પિતા છે . થોડી માથાકુટ બાદ મને મારા બાળકો મળવા આવ્યા મને મારા બાળકોએ જે વાત કરી તે હું જીવનભર નહી ભુલી શકુ , મારા બાળકોએ કહ્યું, અમારા નવા પિતા સાચા પ્રેમને જાણે છે એમના આ સાચા પ્રેમે અમારી અને અમારી માતાની આજુબાજુ રહેલ નકારાત્મકતા દુર થઈ છે. એમણે અમારી માતાને જેવી છે તેવી સ્વીકારી છે , કયારેય પોતાના સ્વભાવ મુજબ રહેવા દબાણ કર્યુ નથી. પોતાની ઈચ્છા અને આંકાક્ષોઓ પોતાના સુધી સીમિત રાખી ઉડવા આખું આકાશ આપ્યુ છે અને જેને લીધે આજે અમારી મા આત્મવિશ્વાસથી ભરપૂર છે . જયારે સામેની બાજુ મેં મેહરુન્નાને મારા અંગત સ્વાર્થ અને ઈચ્છાઓથી નકારાત્મકતામક ધકેલી દીધી હતી . આ જ સમયે મને જીવનનો એક અમુલ્ય મંત્ર સમજાયો. " જો પ્રેમ કરો છો તો સામેના ને જેવા છે તેવા જ સ્વીકારો બદલવાનો પ્રયત્ન ન કરો અને ભરપુર પ્રેમ કરો તો તમે પણ ભરપુર પ્રેમ પામશો.."

# મોટા ભાગના લોકો સમજવા માટે નહીં, તરત જવાબ આપવા માટે સાંભળે છે






પ્રાચીન ગ્રીકનું શહેર સીનિક. આજે આ શહેર તુર્કીના નામે ઓળખાય છે. સીનિકમાં ડાયોજીનીસ નામનો એક ખૂબ મેધાવી તત્વચિંતક થઈ ગયો. એણે સેંકડો વર્ષ પૂર્વે એક સરસ વાત કહી હતી કે, ઈશ્વરે માણસને બે કાન અને એક જીભ આપી છે કારણ કે, તે સાંભળે વધારે અને બોલે ઓછું. અમેરિકાના ઉદ્યોગપતિ અને જાણીતા મેગેઝીન 'ફોર્બ્સ'ના પ્રકાશક માલ્કમ સ્ટીવનસન ફોર્બ્સે ડાયોજીનીસની આ વાતને બીઝનેસની રીતે સમર્થન આપતા ટાંક્યું છે કે, વાતચીતની કલાના મૂળમાં સાંભળવાની શક્તિ જ મુખ્ય ભાગ ભજવે છે.

સામાન્ય રીતે બધાને હંમેશા કંઈક કહેવું હોય છે. એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં ૭૧૦૦ ભાષા બોલાય છે. તેમાંથી ૩૦૦ જેટલી ભાષા ઈંટરનેટ ઉપર ઉપલબ્ધ છે. દુનિયામાં સૌથી વધુ ૧.૨૦ અબજ લોકો ચાઈનીઝ ભાષામાં પોતાની વાત કહેતા હોય છે. લોકો બીજા એમની વાત સાંભળે એવું ઈચ્છતા હોય છે કારણ કે, મોટાભાગે આપણે બધા આપણાં વિચારોમાં જ ગુલતાન હોઈએ છીએ. સામાન્ય રીતે આપણાં બધાના વિચારો ભવિષ્ય માટે કે પછી ભૂતકાળની ઘટના સંદર્ભે હોય, દુઃખ કે દર્દ સંદર્ભે હોય કે પછી આનંદની ક્ષણો અંગેના હોય, ડરના હોય કે પછી પક્ષપાતના હોય પણ વિચારોથી આપણાં બધાનું 'માઈન્ડ પેક' હોય છે.

દિમાગમાં હજારો-લાખો વિચારો અને માન્યતાઓ પહેલેથી એટલી છલોછલ ભરેલી હોય છે કે, પછી સાંભળવાની કોઈ જગા જ બચતી નથી. પરિણામે કહેનાર વ્યક્તિની વાત સાચી છે કે ખોટી એ તો દૂરની વાત છે. ચર્ચા અને બહેસ શરૂ થઈ જાય છે. એટલે જ 'સેવન હેબીટ્સ ઓફ હાઈલી સકસેસફુલ પીપલ'ના લેખક અને ચિંતક સ્ટીફન કોવે કહે છે કે, મોટા ભાગના લોકો સમજવા માટે સાંભળતા નથી, પરંતુ ત્વરીત જવાબ આપવાના હેતુથી સાંભળે છે. મહદંશે માણસનું દિમાગ 'ઓનલાઈન' કંઈક કહેવાના મુડમાં જ હોય છે. જ્યારે કોઈ આપણી વાત સાંભળે ત્યારે બહુ ગમે છે. જ્યારે કોઈ આપણી વાત સાંભળે ત્યારે આપણને એ જાણી શકે અને જાણી શકે તો જ સમજી શકે. પણ આ જ ફિલોસોફી જ્યારે કોઈ આપણને કંઈ કહે ત્યારે આપણે એને જાણવા અને સમજવાની 'જેન્યુઈન' કોશિષ કરીએ છીએ ખરા ?

એક મિત્રની કાબિલે તારીફ શ્રવણશક્તિ યાદ આવે છે. એમને મળીએ ત્યારે જે વાત થાય એ છુટા પડ્યા પછી ફરી જ્યારે પણ મળીએ ત્યારે અગાઉની મુલાકાતમાં થયેલી બધી વાતો અને સંદર્ભ વગર છૂટી ગયેલી તમારી વાતનો સંપૂર્ણ રેફરન્સ અને અર્થનું યોગ્ય સંકલન એ સાધે. હંમેશા એ મિત્ર દિલ દઈને જ સાંભળે. વકતા સાથે સતત જોડાયેલા રહે. સગા, સંબંધી, મિત્રો કોઈને પણ ધ્યાનપૂર્વક દિલથી સાંભળો અને પછી જુઓ ચમત્કારિક પરિણામ. મુળતઃ વાત તો 'ઈન્ટરેસ્ટિંગ' અને 'ઈન્ટરેસ્ટેડ' એમ બે 'આઈ'ની છે. પોતાને 'ઈન્ટરેસ્ટિંગ' બનાવવા કરતા બીજાની વાતમાં 'ઈન્ટરેસ્ટેડ' બનવાની નિષ્ઠાપૂર્વકની કોશિષ કરવામાં આવે તો વધુ મિત્રો બનશે. લોકો નજીક આવશે. પોતીકાપણું લાગશે. સંબંધો સુવાસથી સુગંધીદાર બનશે. સારું બોલતા પહેલા સારું સાંભળવાની જરૂર છે. શ્રવણશક્તિ સંબંધો વધુ મજબૂત બનાવે છે. વિશ્વાસ સંપાદિત થાય છે. 'હાઉ ટુ મેક પીપલ લાઈક યુ ઈન નાઈન્ટી સેકંડ્સ' પુસ્તકમાં નિકોલસ બુથમેને શ્રવણ કલાને સરસ રીતે ઊજાગર કરી છે. બુથમેનનો અભ્યાસ કહે છે કે, વિઝ્યુઅલ, વોકલ અને વર્ડસ એમ કોમ્યુનિકેશનના મુખ્ય ત્રણ 'વી' ફેકટર્સ છે. સામાન્ય રીતે 'વિઝ્યુઅલ' કોમ્યુનિકેશન ૫૫ ટકા અસર પેદા કરે છે. 'વોકલ' કોમ્યુનિકેશન ૩૮ ટકા અસર ઊભી કરે છે જ્યારે 'વર્ડસ' કોમ્યુનિકેશન માત્ર ૭ ટકા અસર જન્માવે છે. બુથમેનના મતે કોમ્યુનિકેશનમાં શ્રવણકલા સૌથી પાયાની ભૂમિકામાં હોય છે.

કોઈનું ન સાંભળવું અને પોતાનું હાંકે રાખવામાં સદ્દામ, ઓસામા, દૂર્યોધન જેવા લોકોની શું સ્થિતિ થઈ તે દુનિયા જાણે છે. શ્રવણ કલાના સદ્ઉપયોગથી અર્જૂને 'પેશન્સ'થી હૃદયપૂર્વક સાંભળેલી વાત કલ્યાણકારી રીતે ઊગી નીકળી. પરિણામે સદીઓ સુધી અર્જૂનની શ્રવણકલાના ઉદાહરણો અપાયા અને અપાતા રહેશે. ઈશ્વરે આપણને દ્રશ્ય ન જોવું હોય તો આંખના શટર રૂપે પાંપણની જોગવાઈ આપી છે. જો ના સાંભળવું હોય તો કાનને બંધ કરવાની કોઈ જોગવાઈ ભગવાને આપી નથી. માણસ સુતો હોય તો આંખ બંધ હોય પણ કાન તો સતત ખુલ્લા જ રહે. ઉંઘતા માણસ પાસે કોઈ ઊભું રહે તો એને ખબર ન પડે પણ એનું નામ બોલે તો તરત એને ઉંઘમાં પણ ખબર પડે. આંખો એક દિશા તરફ જોઈ શકે જ્યારે કાન આગળ પાછળ ચારેય દિશાઓમાંથી સાંભળી શકે. ભગવાન મહાવીર કહે છે કે, દર્શનશાસ્ત્ર 'એકાંગી' છે જ્યારે શ્રવણશાસ્ત્ર 'બહુઅંગી' છે. મહાવીર સ્વામીએ શ્રવણ શક્તિના આધારે જ 'અનેકાંતવાદ'ની વિચારધારાને સમજાવી છે. ઓશો માને છે કે, ધ્યાનસ્થ થવાના માર્ગે 'દ્રષ્ય' કરતાં 'શ્રવણ' દ્વારા વધુ ઝડપથી આગળ ધપી શકાય.

જો આપણને સાંભળતા નથી આવડતું તો એમા આપણો બિલકુલ વાંક નથી. મજાની વાત એ છે કે, આપણને ક્યારેય કોઈએ સાંભળતા શીખવાડ્યું જ નથી. યાદ કરો બાળપણમાં બાળકને બોલતા બધા શીખવે છે. મમ્મી, પાપા, કાકા, દાદા, નાના... વગેરે બાળક નવું નવું બોલતા શીખે એટલે સૌનો આનંદ ફૂલ્યો ન સમાય. પછી શાળામાં જાય ત્યારે શિક્ષક એને વાંચતા અને લખતા શીખવે. બાળકને જીવનપર્યંત ક્યારેય સાંભળવાની કલા શીખવવામાં જ નથી આવતી. જ્યારે એક સર્વેક્ષણ અનુંસાર વાસ્તવિકતા એ છે કે, આપણાં દૈનિક જીવનના સમયમાં સરેરાશ ૧૦% જેટલો સમય લખવામાં, ૧૫% જેટલો સમય વાંચવામાં, ૨૦% જેટલો સમય બોલવામાં અને ૫૫% જેટલો સમય સાંભળવામાં જાય છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો વિટંબણા એ છે કે, લખવા, બોલવા અને વાંચવા કરતાં સાંભળવા પાછળ આપણે ઘણો વધુ સમય ગાળતા હોવા છતાં શ્રવણશક્તિ ખિલવવાની દિશામાં ક્યારેય સભાનતાપૂર્વકના પ્રયાસ થતાં જ નથી. જીવનની સાચી સુવાસ તો સંબંધોમાં હોય છે. સંબંધો સંવાદથી સજતા હોય છે અને સંવાદ શ્રવણ વિના સંભવ જ નથી. સાંભળવું એ બુધ્ધિ કરતાં હૃદયથી વધારે થતું કાર્ય છે. બાળપણમાં બાળકને બોલતા શીખવવું પડે છે પણ જીવનપર્યંત ક્યારેય સાંભળવાની કળા કોઈ શીખવતું નથી.

**ધબકાર :**
'ઈન્ટરેસ્ટિંગ' બનાવવા કરતા બીજાની વાતમાં 'ઈન્ટરેસ્ટેડ' બનવું સારું

# માતા ભૂમિઃ પુત્રઃ અહમ્ પૃથિવ્યા : આખરે આપણે ક્યાં સુધી કછોરું થયે રાખશું..?




ઘણા સમય પહેલાં "મધર" નામક એક ફિલ્મ જોવાનું મારા મિત્રએ જણાવ્યું. અમુક જુગુપ્સાપ્રદ દશ્યો તો રીતસર મન વિચલિત કરી ગયા. મને આ આખું ચલચિત્ર જ વિચિત્ર લાગ્યું. પણ મિત્રએ આગ્રહ રાખ્યો કે ફરીવાર જો. તેણે સહાયરુપ એક-બે યુ-ટ્યૂબ ક્લિપ પણ મોકલી. ફરી વાર ફિલ્મ જોઈ. ત્યારે ફિલ્મનો મૂળ આત્મા જોઈને મસ્તિષ્ક ચકરાવે ચડી ગયું.

મધર નેચરને આપણે મનુષ્યોએ પીંખી નાખવામાં બાકી નથી રાખી. ઈશ્વર પણ પોતાના ભક્તો પર હંમેશા દયા રાખીને માફ કરતો આવ્યો છે. પ્રકૃતિમાતાની વારંવારની વિનવણી અવગણીને પણ ઈશ્વર તો લોકો એટલે કે તેમના ભક્તોનું ભલું જ કરતાં રહ્યાં છે.

પ્રકૃતિ તો રોજ સવારે પોતાની રીતે સ્વયં સ્વસ્થ અને દુરસ્થ કરવાના પ્રયત્ન કરતી રહે છે. પરંતુ, આપણે નગુણા લોકો તેના પેટાળમાંથી બસ ઉલેચતાં જ રહીએ છીએ. અને આખરે પ્રકૃતિ આપણાથી ત્રાસી જઈને પોતાની સાથે આપણને પણ પ્રલયની ગર્તામાં લઈ જવા વિવશ બને છે.

૨૦૧૭માં આવેલી આ ફિલ્મ વિવાદિત પુસ્તક 'ધ બુક ઓફ જીનેસિસ' પરથી ડેરેન આરોનોફસ્કી નામના દિગ્દર્શકે બનાવી હતી. પહેલા વેનિસમાં અને ત્યારબાદ યુ.એસ.માં આ ફિલ્મ રિલીઝ થઈ હતી. ફિલ્મમાં દરેક પાત્ર રૂપક તરીકે છે. ફિલ્મની અભિનેત્રી મધર એટલે પ્રકૃતિમાતા, ફિલ્મનો અભિનેતા એટલે ભગવાન અને ફિલ્મમાં આવતા અણગમતાં અને વણજોઈતાં પાત્રો એટલે હું અને તમે મનુષ્યો.

ફિલ્મ જોયા પછી જે દશ્યો જુગુપ્સાપ્રદ અને ડરામણા લાગતાં હતાં, તે વાસ્તવમાં અત્યારે અને વર્ષોથી આપણે આપણી પ્રકૃતિમાતા પર કરાતા અત્યાચારોનો અંશમાત્ર છે. પૃથ્વીનો પ્રલય થાય અને અમુક કાળ પછી વળી આ પૃથ્વી ઈશ્વર દ્વારા નવનિર્માણ પામે, તેવી આપણાં પુરાણોની પણ કથા છે. દુનિયાના દરેક ધર્મ, સંપ્રદાય હંમેશા મનુષ્યોને સમજાવતા જ આવ્યા છે કે પ્રકૃતિના રક્ષક બનીએ, ભક્ષક નહીં. પ્રકૃતિનું દોહન કરીએ, શોષણ નહીં.

તેમાં પણ આપણા સનાતન હિંદુ ધર્મમાં તો પ્રકૃતિને જ સ્વયં ઈશ્વર માનવાની વાત કરી છે. વૃક્ષદેવતા, નાગદેવતા, મૂષક ગણેશજીનું વાહન, ગાયમાતા, નદીમાતા, પર્વતો પર મંદિર અને માતાજીના સ્થાનક સ્થાપીને પ્રકૃતિના મહત્ત્વનું સ્થાપન. સ્વયં ગણેશ પોતે ગજાનન છે. કાર્તિકેયનું વાહન મયુર. વિષ્ણુનું વાહન ગરુડ, બહુચરમાતા કુકડા પર બિરાજમાન છે. માતાજીનું વાહન વાઘ, ખોડિયાર માતા મગર ઉપર બિરાજમાન છેપ..આવી તો અઢળક યાદી છે. જે આપણને પ્રકૃતિના દરેક તત્વની પૂજા કરવાની શીખ આપવા માટે જ દષ્ટાંત રુપે આપણા વડવાઓએ મૂકી છે. સ્વયં ઈશ્વર પણ તેની સાખ પૂરે છે.

હમણાં જ કેરલમાં હાથીણિની ઉપરના અત્યાચારના સમાચારોથી આપણે આહત છીએ. આ વાત ફરી વખત સ્પષ્ટ થઈ ગઈ છે કે કહેવાતા શિક્ષણમાં અને સંસ્કારોમાં આભ જમીનનું અંતર છે. આજનું શિક્ષણ સંવેદનાઓ શીખવતું નથી. કોઈ વ્યક્તિ આટલી હદે સંવેદનહીન થઈ શકે તે માન્યામાં નથી આવતું. સંવેદનહીનતાને, આપણી નરી સ્વાર્થાન્ધતાને આપણે આવશ્યકતાઓનું રૂપકડું નામ આપી દઈને આ પ્રકૃતિના વિધ-વિધ સોપાનોને છિન્ન-ભિન્ન કરી નાખ્યાં છે.

જાગૃત પ્રકૃતિ-પ્રેમીની એક પોસ્ટમાં વાંચ્યું હતું કે કેરલમાં ગાય-ભેંસ કે કોઈ પાલતું પશુ મરી જાય તેને ઊંચી-ઊંચી પહાડીઓ પર દાટવામાં આવે છે, અને તેની ઉપર ક્રોસ મૂકીને તેની પટ્ટી ઉપર લોખંડના અણીદાર આરાવાળી ઘાતક પટ્ટી મૂકવામાં આવે છે, આવા અડાબીડ જંગલમાં હાથી તે પટ્ટીઓ પર વલૂરવાના આશયથી સૂંઢ ફેરવે એટલે તરત તે સૂંઢ કપાઈ જાય. અને ત્યારબાદ તે હાથી પણ થોડા સમયમાં મરણને શરણ થાય.

થોડા સમય પહેલા સોશ્યલ મિડિયા પર એક વીડિયો જોયો હતો. જેમા એક મહિલા મીટ-માર્કેટમાં(માંસ-બજાર)માં દરેક દુકાનમાં જઈને "કુટ્ટીપાય"ની માંગણી કરતી હતી. તે દરમિયાન તે મહિલાને પૂછવામાં આવ્યું કે આ "કુટ્ટીપાય" શું છે ? ત્યારે તે મહિલાએ જે ઉત્તર આપ્યો તે આપણને રાક્ષસથી પણ બદતર હોવાનો પુરાવો આપે છે. તેણે કહ્યું કે- "જ્યારે બકરી તેના બચ્ચાને જન્મ આપવા માટે સજ્જ હોય છે,અને માત્ર બે-ત્રણ દિવસમાં જ બચ્ચું જન્મ લેવાનું હોય તે પહેલાં જ તે બકરીને મારીને તેની અંદરથી પેલા અજન્મા બચ્ચાને બહાર કાઢવામાં આવે છે. અને તેને કુટ્ટીપાય કહે છે. તે ખૂબ જ મુલાયમ અને સ્વાદીષ્ટ હોય છે,માટે હું તેને શોધી રહીં છું". હવે આ ક્રૂરતાને આપણે કઈ કક્ષામાં મૂકીશું ?

પર્યાવરણ બચાવોની કાગારોળ મચાવતાં આપણે નવી નવી સંસ્થાઓ અને એન.જી.ઓ. બનાવી બનાવીને પર્યાવરણ-પ્રકૃતિને બચાવવાનો ડોળ કરી રહ્યાં છીએ. જ્યારે આ કોરોના સમયમાં પ્રકતિએ આપણને લપડાક મારીને સમજાવી દીધું કે, પ્રકૃતિ પોતાનું Healing જાતે જ કરી શકે છે. બસ આપણે આડા ન આવીએ તો. એ લોકડાઉનમાં હવા શુદ્ધ થઈ ગઈ, નદીઓ શુદ્ધ થઈ ગઈપ કારણકે પ્રકૃતિને બગાડનારાં એવા મનુષ્યો ઘરોમાં બંધ હતા.

પ્રકૃતિ-પૂજન આપણી સનાતન સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. શાકાહારી ભોજન જ શરીર માટે આવશ્યક છે, જોઈએ તેટલો જ ખોરાક લેવો તે શરીર અને પ્રકૃતિ બન્ને માટે આવશ્યક છે. આજે વિશ્વમાં માત્ર આપણાં જ દેશમાં એ પણ અમુક વર્ગમાં જ આ ભાવના અને સંસ્કાર બચ્યા છે. મનુષ્યએ પોતાની સ્વાદેન્દ્રિયો અને અન્ય ઈન્દ્રિયોના આનંદ અર્થે જ પ્રકૃતિનો દુરુપયોગ કર્યો છે. અને આનું દુષ્પરિણામ આપણે જોઈ રહ્યા છીએ.

પ્રકૃતિએ માણસને જણાવી દીધું છે કે આપણે મનુષ્ય પ્રકૃતિ આગળ કશું જ નથી.

માતા ભૂમિ પુત્રોઝીહં પૃથિવ્યાઃ ll આ પ્રમાણે ભૂમિ સૂક્ત આપણે ત્યાં છે. પશુને ચારો અને પક્ષીને ચણ નાખવાની આપણી પરંપરાવાળા દેશમાં પશુ-પક્ષીનું ભક્ષણ કરવાની વાત ક્યાંથી ઘુસી ?

પર્યાવરણ દિવસ વર્ષમાં એક સમય ઉજવવા આવશ્યક નથી તેને તો જીવન દરમિયાન આત્મસાત કરવો જોઈએ. હમણાં બે દિવસ પહેલા જ પૂનમના દિવસે વટસાવિત્રી પૂનમ ગઈ વડની પૂજા થઈ. પીપળાની આપણે પૂજા કરીએ છીએ. આપણા ઋષિમુનિઓએ તો આ પરંપરા આપણા પ્રકૃતિ તત્વોને આપણે પૂજતા રહીએ અને તેને સાચવતા રહીએ તે માટે જ કરી હતી.

બાકી કોઈએ થેમ્સ નદીમાં જય થેમ્સ મૈયા કરીને ડૂબકી લગાવી નથી, કે પછી આલ્પ્સની પર્વતમાળા ઉપર કોઈ માતાજીનું મંદિર કોઈ ચડવા ગયું નથી. છતાંય ત્યાંના કુદરતી સંસાધનો સ્વચ્છ રહ્યા છે અને આપણે જેને પવિત્ર માનીએ છીએ તેને જ દૂષિત કરતા રહ્યા છીએ. આપણા વ્યક્તિત્વમાં જડમૂળથી પરિવર્તન કરવાની આવશ્યકતા છે પર્યાવરણ બચાવો ની કાગારોળ પછી મચાવીએ પહેલાં પ્રકૃતિના પૂજક બનવાનું શરૂ કરીએ.

એમેઝોન પ્રાઈમ પર આ 'મધર' પિક્ચર ઉપલબ્ધ છે. ફિલ્મની બીજી છણાવટ જાણી જોઈને નથી કરી, આપ સ્વયં જ એ અનુભવમાંથી પસાર થાવ. ચિંતનીય અને મનનીય ફિલ્મો કે પુસ્તકો વિશે કોઈ ટીપ્સ મળતી રહે તો આવા અનેક વિષયોનો ઉઘાડ થાય. મિત્ર દિગ્વિજય હંમેશા આવા વિચારણીય અને હટકે વિષયો પરની ફિલ્મો વિશે જણાવતો રહે છે. તેની આ વહેંચીને આનંદ મેળવવાની વૃત્તિ કાયમ વિચારભાથું સમૃદ્ધ કરવામાં પોષક રહી છે. આભાર દોસ્ત !

બાકી "છોરું કછોરું થાય માવતર કુમાવતર ન થાય" એ કહેવત જ આપણને નપાવટ બનાવી મૂક્યા છે... ક્યાં સુધી આની યાદમાં આપણે ગોરખધંધા માંડે રાખશું.. પ્રકૃતિ માતા તેમનું પ્રલયરૂપી રૌદ્ર સ્વરૂપ બતાવે ત્યારે સાન ઠેકાણે આવશે કે શું???

- jayuoza@gmail.com,
Mo.9898046488

# સમય સાથે આવતા પરિવર્તનો સ્વીકારવા જ રહ્યા....




'આ નવી પેઢી જુઓને ગુગલ મેપને જ ઓળખે, આપણે જિંદગી જે રસ્તા પર કાઢી એનું ન સાંભળે...'

એક વડીલે સાહજિકપણે કહ્યું એમાં વાત એમ બની કે પરિવાર બે ગાડીઓ લઈને અમદાવાદથી શનિ રવિ રજાઓમાં એમના વતનના શહેરમાં ગયો હતો. જતો બરાબરના માર્ગે ગયા પરંતુ પાછા ફરતા ગૂગલે મેપના આધારે પોતાના વતનના શહેરમાં અને પછી હાઈવે રપર પણ ગૂગલ મેપ એમને સાવ અજાણ્યા અને દ્વિમાર્ગી કે એક માર્ગી રોડ પર લઈ ગયું.... ઈંધણ વધુ વપરાયું - સમય વધ્યો અને આ વડીલને પોતાનું કહ્યું નવી પેઢીના છોકરાઓએ સાંભળ્યું નહીં એમ લાગ્યું....

પછી એમને કહેવું પડ્યું કે 'ભલા માણસ નવા રસ્તા - નવું વાતાવરણ તો માણ્યું ને તમે ! નાના નાના ગામડાઓમાંથી પસાર થવાનો આનંદ તો પામ્યા ને !!'

બીજા એક કિસ્સામાં એક માતા એની દીકરીને રોજ એકની એક સલાહો આપે એમાં પણ પોતાના ગમા-અણગમા જોડે એટલે દીકરી ગુસ્સો કરે, 'તું એકની એક વાત મને રોજ ના કહે.... હું કચરો વાળીશ કે ઘરના બીજા કામ કરીશ, તો મારી રીતે.... પછી ભૂલ થાય તો કહેજે....'

ત્રીજો એક કિસ્સો છે, ઘરના વડીલ એના સંતાનોને વાતે વાતે સલાહ આપે વાતે વાતે સાહસની નહિ, ચિંતાની અશુભ થશે તો ? એની લાગણી પ્રગટ કરે. અમારા સમયમાં તો અમે આમ કરતા અને આમ જ કરાય... એવું એવું કહ્યા કરે..... પછી સ્વાભાવિક રીતે સંતાનોને ના ગમે .... એમણે એકવાર પુરા આદર સાથે કહી જ દીધું કે 'તમે સો ટકા સાચા હશો પણ તમે જ સમય જીવ્યા એને પચાસ વર્ષ થઈ ગયા છે, પચાસ વર્ષમાં અઢળક ફેરફારો દુનિયામાં થયા છે, એને સ્વીકારો.'

જોયેલા - જાણેલા કે અવલોકન કરેલા આવા કિસ્સાઓ મારી - તમારી આસપાસ રોજે-રોજ બનતા જ રહેશે આપણે આવા કિસ્સાઓમાં બે પેઢી વચ્ચેનું અંતર જોઈએ છીએ, જનરેશન ગેપ તરીકે ઓળખીએ છીએ. શું છે આ જનરેશન ગેપ ? અહીં એની વ્યાખ્યા નથી કરવી કારણ કે એ અંગે દરેક વિચારો જુદા જુદા હોઈ શકે પરંતુ એકવાત ચોક્કસ કે જનરેશન ગેપ એ કોઈ ચોક્કસ સમયની ઘટના નથી એ પાણીના વહેતા પ્રવાહની જેમ તત વહીને સહુને સ્પર્શી રહેલી અનુભૂતિ છે. સંતાનો કિશોરાવસ્થા વટાવે, યુવાન થાય એટલે એમના વિચારોમાં સ્વતંત્રતા આવે, માતા-પિતાને એમ થાય કે અત્યાર સુધી અમારી વાત થાય કે અત્યાર સુધી અમારી વાત માનતા નથી.... બાળકોને થાય કે અમારા પર વગર કારણે કંટ્રોલ મુકવામાં આવે છે, ચોકીદારની જેમ વર્તન કરાય છે..... માતાપિતાને થાય છે કે હવે અમારું કોઈ મૂલ્ય રહ્યું નથી. આમ હવે ડગલેને પગલે વૈચારિક સંઘર્ષ થયા કરે છે.

મા-બાપ જે પ્રકારે જે જીવનશૈલીથી જીવ્યા તેમ એમના સંતાનો પણ જીવે એવું તેઓ ઈચ્છે તે સ્વાભાવિક છે. પણ વાસ્તવમાં એવું શક્ય નથી.સમય સાથે આવતા પરિવર્તનોને મા-બાપે કે વડીલોએ સ્વીકારવા જ પડશે. સંતાનોને પોતાના વિચારો છે અને એમના સપના છે... ઘણીવાર સાવ નાનું બાળક હોય ત્યારે કેટલાક એમ કહે કે મમ્મી જેવું છે અને કેટલાક એમ કહે કે એના પપ્પા જેવું છે, બાળક કહેતું હોય કે 'મને મારા જેવું રહેવા દો તોય ઘણું.....' એટલે આવા સંઘર્ષ ઓછા કરવા હોય તો, જવાબદારી બંને પક્ષે નિભાવવી જરૂરી બને છે. સંતાનોએ ખુલ્લા હૃદયથી પોતાની વાત માતા-પિતાને વિવેક જાળવીન કહેવી પડશે અને માતા-પિતાએ એમની વાત સાંભળી - સૂચન કરી એમના પર વિશ્વાસ પણ મૂકવો પડશે....

જનરેશન ગેપ આજથી સો વર્ષ પહેલા પણ હશે જ, પરંતુ લોકોની એના વિશેની જાગૃતિ એટલી નહોતી જાત જાતના મીડિયાને કારણે જે ચર્ચા થાય છે. માહિતી ફેલાય છે એટલી કદાચ ત્યારે લોકો સુધી એ વાત પહોંચતી નહિ હોય. એક પરિવારમાં રહેતા વડીલો અને યુવાનોના વિચારો જીવન-શૈલી - રસના વિષયો નોખા જ હોય એ સ્વાભાવિક છે, પરંતુ એ પછી પણ સંસ્કાર અને સમજણ થકી બંને એક બીજાના વિચારોને આદર આપે એ પણ જરૂરી છે જયાં અને જયારે આવું થાય છે ત્યારે બે પેઢી વચ્ચે વિચારોની જયોત પ્રગટે છે અને અજવાળા રેલાય છે.